જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૮/૯/૨૦૧૪ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૭/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી ૨૩૦ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી.તેમજ જુગારધાર હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી કુલ રૂપિયા ૨૯,૬૫૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૮/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૨૮૯/૧૪**

**રામોલ :** વિક્રમસિંહ રાજામનોહરસિંહ ચૌહાણ (રહે.માધવપાર્ક વિભાગ-૨, માધવ ઇન્ટરનેશનલ રોડ, વસ્ત્રાલ) એ તા.૫/૯/૧૪ સાંજના6 ૫/૩૦ વાગે રહેણાંક નજીક પોતાની મહિન્દ્રા બોલેરો ગાડી નંબર જીજે.૧.ટી.સી. ૬૨૫ કિંમત રૂપિયા ૬,૧૭,૧૫૨/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૬/૯/૧૪ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ વિક્રમસિંહ ચૌહાણે તા.૭/૯/૧૪ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એ.પારઘી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૨૯૦/૧૪**

**વટવા :** મનોજ રૂપસિંગ રાજપુત (રહે.સાર્થક ટેનામેન્ટ, પી.ડી.પંડ્યા કોલેજ રોડ) એ તા.૭/૯/૧૪ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૮/૧૪ બપોરનાં ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના સાળા સત્યેન્દ્રસિંહ (ઉ.વ.૩૭) સરદાર પટેલ રીંગ રોડ ચાર રસ્તા નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે સફેદ રંગની કારનાં ચાલકે પોતાની કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સત્યેન્દ્રસિંહની મોટર સાયકલને ટકકર મારી હતી. આથી સત્યેન્દ્રસિંહને માથાના ભાગે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.પઠાણ ચલાવે છે.

**ત્યજી દિધેલ બાળક મૃત હાલતમાં મળી આવ્યુ :-** **સમાચાર યાદી નં.૨૨૯૧/૧૪**

**દાણીલીમડા :** તા.૭/૯/૧૪ કલાક ૧૦/૦ વાગ્યાના સુમારે બોમ્બે હોટલ સામે, ફૈસલનગર પાસે, કિન્નરી કચરાનાં ઢગલામાંથી દાણીલીમડા પોલીસને તાજુ જન્મેલુ મૃત બાળક(બાબો) ત્યજી દિધેલ હાલતમાં મળી આવતાં આ અંગે દાણીલીમડા પોલીસે અજાણી સ્ત્રી વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.બોદર ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં.૨૨૯૨/૧૪**

| | |
|---|---|
| **નરોડાઃ** પ્રતિકભાઇ હિરાભાઇ (ઉ.વ.૩૫)(રહે.હરિપ્રકાશ સોસાયટી, કુમાર શાળાની પાસે, નરોડા) તા.૨૫/૮/૧૩ કલાક ૧૨/૦૦ વાગ્યાથી ગુમ છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનું ટી-શર્ટ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. કપાળનાં ભાગે મસ છે. ઉંચાઈ ૫ ફુટ ૩ ઈંચ છે.(નરોડા પોલીસ સ્ટેશન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |
| **બાપુનગર:** કિંજલબહેન જેઠાભાઇ વાઘેલા (ઉ.વ.૧૮)(રહે.ઇન્દીરા ગરીબનગરનાં છાપરાં, બાપુનગર) તા.૩૧/૮/૧૪ ના કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ફાલસા રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઇ ૪ ફુટ ૮ ઇંચ છે. (બાપુનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૦૦૫૮૫) |  |
| **ઇસનપુર** : દયનિષ ચિરનતન રાવલ (ઉ.વ.૧૬)(રહે.રામેશ્વર સોસાયટી, આનંદવાડી બસ સ્ટેન્ડ પાસે, ઘોડાસર, ઇસનપુર) તા.૨૬/૮/૧૪ નાં કલાક ૮/૪૫ વાગ્યાના સુમારે ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગની ટીશર્ટ અને લાલ રંગની ચડ્ડી પહેરી છે. ઉંચાઇ ૫ ફુટ ૭ ઇંચ છે. (ઇસનપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૪૩૦૧૮૦) |  |
| **ચાંદખેડાઃ** સુદામા ભગવાનદાસ ગોપલાણી (ઉ.વ.૬૧)(રહે.લક્ષ્મીનગર ગુ.હા.બોર્ડ, ચાંદખેડા) તા.૨૩/૮/૧૪ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. ચોકડીવાળો શર્ટ અને કાળા રંગનું પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૩ ઈંચ છે.(ચાંદખેડા પોલીસ સ્ટેશન નંબર ૨૩૨૯૧૨૭૫) |  |
| **નારણપુરાઃ** નારણદાસ રામલાલ ભરદેવી(ઉ.વ.૮૦)(રહે.ભરવાડવાસ નવા વાડજ) તા.૯/૮/૧૪ કલાક ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ક્રિમ રંગનો લહેંગો અને ઝભ્ભો પહેર્યો છે. ઉંચાઇ ૫ ફુટ ૮ ઇંચ છે. (નારણપુરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૪૪૯૪૯) |  |
| **સરદારનગર** : હેતલબહેન રામભા ઝાલા (ઉ.વ.૨૧)(રહે.રાજીવનગર અંબાલાલ કિરાણા સ્ટોર્સની પાસે, નોબલનગર,સરદારનગર) તા.૮/૮/૧૪ કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. જમણા ગાલ ઉપર ચાઠુ છે. પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઇ ૫ ફુટ ૨ ઇંચ છે. (સરદારનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૮૪૦૭૯) |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.